# બરોડા હાઇસ્કૂલ,દંતેશ્વર
## (ગુજરાતી માધ્યમ)
## પ્રવૃત્તિ અહેવાલ
## જુલાઇ,ઓગષ્ટ,સપ્ટેમ્બર : ૨૦૨૦-૨૧

**:માસિક સુવિચાર:**

**“ જ્યાં સુધી જીવ પોતાના આત્માને શુધ્ધ નથી કરતો ત્યાં સુધી જ્ઞાન મેળવવા છતાં અજ્ઞાની રહે છે. ”**

**શાળા પ્રવૃત્તિ કે.જી. વિભાગ:**

| | |
|---|---|
| ૫/૭/૨૦૨૦ | ગુરૂપૂર્ણિમા નિમિત્તે જુ.કે.જી. અને સી.કે.જી.ના બાળકો માટે ઓનલાઇન રંગપૂરણી હરીફાઇનું આયોજન કરેલ જેમાં બાળકોએ ગુરૂશિષ્યના સંબંધ આધારિત ચિત્રમાં સુંદર રંગપૂરણી કરેલ. વર્ગદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને આ દિવસે શાળામાં માઁ સરસ્વતીની વંદના પણ કરવામાં આવી હતી.    |
| ૩૧/૭/૨૦૨૦ | રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે સ્નેહ, જુ.કે.જી. અને સી.કે.જી.માં ઓનલાઇન રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો. ખૂબ સુંદર રાખડી બનાવીને વિદ્યાર્થીએ મોકલાવી હતી. દરેક વર્ગદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.    |

**Special Days (કે.જી. વિભાગ)--અંતર્ગત નીચેના દિવસોની ઉજવણી કરવામાં આવી.**

| | |
|---|---|
| ૨૨/૮/૨૦૨૦ | ગણપતિ ઉત્સવની ઉજવણી નિમિત્તે સ્નેહ, જુ.કે.જી. અને સી.કે.જી. ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ગણપતિ ના ગીત અને શ્લોક, ગણપતિનારા બોલવાની પ્રવૃત્તિ કરવામાં આવેલ જેમાં બાળકોના ગીત, શ્લોક અને નારા બોલતો ૧ મિનીટનો વીડિયો વાલીશ્રીએ બનાવીને મોકલાવ્યા હતા. આ પ્રવૃત્તિમાં વાલીનો ખૂબ મોટો સહકાર મળ્યો હતો. |

| | |
|---|---|
| ૧૦/૮/૨૦૨૦ | જન્માષ્ટમી :કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીના ભાગ રૂપે કે.જી. અને ધો.૧ અને ૨ ના વર્ગશિક્ષક મિત્રોએ બાળકોને આ દિવસનો મહિમા સમજાય તે માટે શિક્ષકોએ અભિનય દ્વારા વિદ્યાર્થીઓ સાથે ઉજવણી કરી.<br><br> |
| ૧૫/૮/૨૦૨૦ | સ્વતંત્રતા દિવસ: રાષ્ટ્રીય પર્વ આ દિવસની ઉજવણીનું મહત્વ બાળકો સમજે, દેશપ્રેમની ભાવના જાગે માટે કે.જી. અને ધો.૧ અને ૨ના વર્ગશિક્ષક મિત્રોએ બાળકોને આ દિવસનો મહિમા સમજાય તે માટે શિક્ષકોએ અભિનય અને સૂત્રોચ્ચાર દ્વારા વિદ્યાર્થીઓ સાથે ઉજવણી કરી.<br><br> |

## શાળાપ્રવૃત્તિ : પ્રાથમિક વિભાગ:

| | |
|---|---|
| ૫/૭/૨૦૨૦ | ગુરૂપૂર્ણિમા નિમિત્તે ધોરણ-૧,૨ ના બાળકો માટે ઓનલાઇન રંગપૂરણી હરીફાઇ, ધોરણ-૩ અને ૪ ના બાળકો માટે ઓનલાઇન ચિત્ર હરીફાઇ, ધોરણ-૫,૬ અને ૭ ના બાળકો માટે ઓનલાઇન પ્રાર્થના, શ્લોક અને ભજન હરીફાઇ અને ધો-૮ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ. નિબંધનો વિષય- જીવનમાં ગુરૂનું સ્થાન અથવા આજના ટેકનોલોજી યુગમાં ગુરૂનું મહત્વ ઉપરોક્ત તમામ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. દરેક વર્ગદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. |
| ૨૯/૭/થી ૭/૮/૨૦૨૦ | ધોરણ -૩ થી ૮ ઓનલાઇન એકમ કસોટી – ૧ શાળા અને રાજ્ય સરકાર દ્વારા આયોજિત |
| ૧૦/૮/૨૦૨૦ | જન્માષ્ટમી : કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીના ભાગ રૂપે કે.જી. અને ધો.૧ અને ૨ના વર્ગશિક્ષક મિત્રોએ બાળકોને આ દિવસનો મહિમા સમજાય તે માટે શિક્ષકોએ અભિનય દ્વારા વિદ્યાર્થીઓ સાથે ઉજવણી કરી. |
| ૩૧/૭/૨૦૨૦ | રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે ધોરણ ૧ અને ૨માં ઓનલાઇન રાખડી બનાવવાની હરીફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો. ખૂબ સુંદર રાખડી બનાવીને વિદ્યાર્થીઓએ ઓનલાઇન મોકલાવી હતી. દરેક વર્ગદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.    |
| ૨૨/૮/૨૦૨૦ ૨૦ | ગણપતિ ઉત્સવની ઉજવણી નિમિત્તે ધોરણ- ૧ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ગણપતિ દોરી શણગારવા, ધો-૨ ગણપતિની વાર્તા અથવા ગણપતિ વિશે સાત થી આઠ વાક્ય બોલવું. ધો-૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે ગણપતિનું ચિત્ર દોરી તેને શણગારવા. ધો- ૬ અને ૭ ના વિદ્યાર્થીઓ માટે માટી કે લોટમાંથી ગણપતિ બનાવી તેને શણગારવા. ધો- ૮ના વિદ્યાર્થીઓ માટે પેપરમેશી માંથી ગણપતિ મૂર્તિ બનાવી તેને શણગારવી જેવી સ્પર્ધાઓનું આયોજન કરેલ. ઉપરોક્ત તમામ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. દરેક વર્ગદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.     |

| | |
|---|---|
| ૨૭, ૨૮/૮/૨૦૨૦ | રાજય સરકાર દ્વારા આયોજિત ધોરણ ૩ થી ૮ ઓનલાઇન એકમ કસોટી-૨ |
| ૨૬/૯ થી ૩૦/૯/૨૦૨૦ | રાજય સરકાર દ્વારા આયોજિત ધોરણ ૩ થી ૮ ઓનલાઇન એકમ કસોટી-૩ |

## શાળાપ્રવૃત્તિ : માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક વિભાગ:

| | |
|---|---|
| ૫/૭/૨૦૨૦ | ગુરૂપૂર્ણિમા નિમિત્તે ધો.૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન નિબંધ સ્પર્ધા વિષય- જીવનમાં ગુરૂનું સ્થાન અથવા આજના ટેકનોલોજી યુગમાં ગુરૂનું મહત્વ અને ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોકત તમામ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. દરેક વર્ગદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. |
| ૨૯/૭ થી ૭/૮/૨૦૨૦ | રાજય સરકાર તેમજ શાળા દ્વારા આયોજિત ધોરણ ૯ થી ૧૨ ઓનલાઇન એકમ કસોટી – ૧ |
| ૨૨/૮/૨૦૨૦ | ગણપતિ ઉત્સવની ઉજવણી નિમિત્તે ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન પેપરમેશીમાંથી ગણપતિની મૂર્તિ બનાવી તેને શણગારવી સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પેપરમેશી માંથી ખૂબ સુંદર ગણપતિની મૂર્તિ બનાવી હતી. |





| | |
|---|---|
| ૨૭, ૨૮/૮/૨૦૨૦ | રાજય સરકાર દ્વારા આયોજિત ધોરણ ૯ થી ૧૨ ઓનલાઇન એકમ કસોટી-૨ |
| ૨૬/૯ થી ૩૦/૯/૨૦૨૦ | રાજય સરકાર દ્વારા આયોજિત ધોરણ ૯ થી ૧૨ ઓનલાઇન તૃતીય એકમ કસોટી |
| ૨૩/૯/૨૦૨૦ | પારૂલ યુનિર્વસિટી ડીપાર્ટમેન્ટ ન્યુટ્રીશન અને ડાયેટીક્સ ફેકલ્ટી દ્વારા આયોજિત ન્યુટ્રીનલ ન્યુટ્રીશન માસ સપ્ટેમ્બર ૨૦૨૦ "પોસ્ટર મેકિંગ સ્પર્ધા " માં શાળાના ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. |

## SPECIAL DAYS

| | |
|---|---|
| ૧૬/૯/૨૦૨૦ | **World Ozone Day: 16** સપ્ટેમ્બર વિશ્વઓઝોન દિવસનીઉજવણી શા માટે કરવામાં આવે છે. તેની વિસ્તૃત માહિતી ઓનલાઇન વીડિયો દ્વારા શાળાના પી.ઈ. શિક્ષકે શ્રી વિનોદ પટેલ એ આપી. તે ઉપરાંત ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે "ઓઝોન પોસ્ટર મેકિંગ" પ્રવૃત્તિ અને ધો-૮ના વિદ્યાર્થીઓ માટે વિશ્વ ઓઝોન દિવસ વિશે વકતૃત્વનું આયોજન કરવામાં આવ્યું હતું. |






| | |
|---|---|
| ૨૧/૯/૨૦૨૦ | **International peace Day:** વિશ્વ શાંતિ દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં શાંતિ રહે અને વિશ્વ બંધુત્વની ભાવના સાકાર થાય તે માટે આ દિવસની ઉજવણી થાય છે. તેની વિસ્તૃત માહિતી ઓનલાઇન વીડિયો દ્વારા શાળાના સંગીત શિક્ષીકા ભક્તિ મલિકે આપી. |
| ૨૬/૯/૨૦૨૦ | **World Deaf Day :** વિશ્વ બધીર દિવસની ઉજવણી શા માટે અને ક્યારથી થાય છે તેમજ બધીર લોકો સ્વાભિમાન, તેમની ગરિમા જળવાય રહે અને સમાજમાં તેમનું સ્થાન જળવાય રહે તે માટે આ દિવસની વિસ્તૃત માહિતી બાળકોને ઓનલાઇન વીડિયો દ્વારા કમ્પ્યૂટર ટીચર અનિલ સાળુંકે એ આપી હતી. |
| ૨૭/૯/૨૦૨૦ | **World Tourism Day:** વિશ્વ પર્યટન દિવસની ઉજવણી શા માટે થાય છે અને આ દિવસની ઉજવણીથી લોકોમાં પર્યટન વિશેની જાગૃતતા આવે તેથી વિશ્વભરમાં આ દિવસની ઉજવણી થાય છે. તેની વિસ્તૃત માહિતી બાળકોને ઓનલાઇન વીડિયો દ્વારા શાળાના લાઇબ્રેરી ટીચર સારિકા મોઢિયાએ આપી હતી. |

## સહિયારી પ્રવૃત્તિ:

| | |
|---|---|
| ૧૫/૮/૨૦૨૦ | ૧૫ ઓગષ્ટ રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની ઉજવણી શાળાના પ્રાંગણમાં શાળાના આચાર્યશ્રી દુષ્યંત દેસાઇ ના હસ્તે ધ્વજારોહણ કરી સલામી આપી ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રીમતી સપના બક્ષી તેમજ બંને માધ્યમના સુપરવાઇઝર અને પી.ઇ. શિક્ષક હાજર રહ્યા હતા.  |
| ૨૨/૮/૨૦૨૦ | ગણેશ ઉત્સવ: ગણેશ ચતુર્થીના દિવસે શાળામાં બંને માધ્યમના સહયોગથી ગણપતિ સ્થાપના કરવામાં આવી. તા.૨૩/૮ /૨૦ સોમવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ગણપતિ વિસર્જન    |

| | |
|---|---|
| ૩/૯/૨૦૨૦ | Teacher's Self Evaluation, Peer group Evaluation, Students, Supervisor & Principal Evaluation માં દરેક શિક્ષક મિત્રોએ ગુણાંકન કર્યું. |
| ૫/૯/૨૦૨૦ | ૫ સપ્ટેમ્બર શિક્ષક દિનની ઉજવણી : કે.જી. થી ધો.૧૨ના વિદ્યાર્થીઓએ આ દિવસે ખૂબ સુંદર રીતે શિક્ષકની ભૂમિકા ભજવેલ જેમાં કે.જી. થી ધો-૭ના પ્રિ-રેકોર્ડેડ વીડિયો માં ૧૩૩ વિદ્યાર્થીઓ અને ધો-૮ થી ૧૨ ઓનલાઇન તાસમાં ૫૧ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો.<br>   |
| ૫/૯/૨૦૨૦ | ૫ સપ્ટેમ્બર એટલે શિક્ષકને સન્માનિત કરવાનો દિવસ આ દિવસે ૩/૯/૨૦૨૦ના રોજ થયેલ ગુણાંકનના આધારે શ્રીમતી શીતલ મચંક કાળેને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક જાહેર કરવામા આવેલ. અધ્યાપન ક્ષેત્રે એમણે કરેલી પ્રશસનીય સેવાના સન્માનાર્થે તેમને શાળા પરિવાર તરફથી આચાર્યના હસ્તે પ્રમાણ પત્ર અને સુપરવાઇઝરના હસ્તે શીલ્ડ અને ચાંદીનો સિક્કો એનાયત કરવામાં આવેલ.<br>  |

## શાળા બહારની પ્રવૃતિઓ :

| | |
|---|---|
| ૧૦/૭/૨૦૨૦ | યુનિવર્સ સાયન્સ ફોરમ દ્વારા Covid-19 મહામારી ના લોકડાઉન દરમિયાન એપ્રિલ-મે માસમાં આયોજિત રાજ્ય સ્તરીય ઓનલાઇન સ્પર્ધાઓ માની એક એવી પેઇન્ટિંગ સ્પર્ધાનું પરિણામ જાહેર થયેલ જેમાં શાળાના કુલ ૮ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયેલ. |
| ૨૨/૮/૨૦૨૦ | પી ડી લાઇટ તરફથી આયોજિત પેપર મેશીમાંથી ગણપતિની મૂર્તિ બનાવવાની સ્પર્ધાનું અયોજન કરેલ જેમાં ધોરણ-૮ અને ૯ના ૯૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. |
| ૯/૯/૨૦૨૦ | ભારત વિકાસ પરિષદ સંસ્કાર નગરી નેશનલ પેટ્રોટીક સોલો સોંગ સ્પર્ધામાં શાળાની ૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ગૃપ-Bમાં ધોરણ ૧૧ની વિદ્યાર્થીની મકવાણા સાક્ષી પ્રથમક્રમે અને ધો-૯ ની વિદ્યાર્થીની પાટણવાડીયા રીયા દ્વિતીય ક્રમે વિજેતા થયેલ પ્રથમક્રમે વિજેતા મકવાણા સાક્ષી ની રાજ્ય કક્ષા માટે પસંદગી થયેલ છે. |
| ૨૦/૯/૨૦૨૦ | ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિસ સ્ટુડન્ટ ઓર્ગેનાઇઝેશન દ્વારા આયોજિત ઓનલાઇન નર્મદ મેઘાણી કાવ્યગાન સ્પર્ધામાં શાળાની ૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. |

## શિક્ષક જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ:

| | |
|---|---|
| ૦૯/૦૭/૨૦૨૦ | બી.એલ.સી.ઈ.ટી. દ્વારા આયોજિત ઓનલાઇન એજયુકેશન ટ્રેનિંગ બી.એચ.એસ અલકાપુરી ખાતે યોજાયેલ. ટ્રેનિંગના મુખ્ય વકતા શ્રી આશિષ દેસાઇ દ્વારા ગુગલ શુટ, વિવિધ એપ્સની તેમજ જીમેલ, ડ્રાઇવ અને ઓનલાઇન કલાસ વિશેની માહિતી આપવામાં આવેલ આ ટ્રેનિંગમાં શાળાના આચાર્યશ્રી, સુપરવાઇઝર અને ૩ કમ્પ્યૂટર શિક્ષકો હાજર રહયા.  |
| ૧૬/૭/૨૦૨૦ | બી.એલ.સી.ઈ.ટી. દ્વારા આયોજિત ઓનલાઇન એજયુકેશન ટ્રેનિંગ બી.એચ.એસ અલકાપુરી ખાતે યોજાયેલ. ટ્રેનિંગના મુખ્ય વકતા શ્રી આશિષ દેસાઇ દ્વારા ઓનલાઇન એજયુકેશનની માહિતી **Google Calendar, Google meet, Google classroom**ની માહિતી આપવામાં આવેલ જેમાં શાળાના સુપરવાઇઝર કિશોર પાટીલ, કમ્પ્યૂટર ટીચર અનિલ સાળુંકે, શીતલ કાળે, નિમિષા પટેલ અને વંદના રબારી અને વિનોદ પટેલ ટ્રેનિંગમાં હાજર રહયા. |
| ૩/૭/૨૦૨૦ | એમ.એસ. પટેલ ઓફ એન્જિનીયરીંગ કોલેજ ચારુસત, ગુજરાત દ્વારા આયોજિત **Google Getting Started with Google classroom** ઓનલાઇન સેમીનારમાં શાળાના આચાર્યશ્રી દુષ્યંત દેસાઇએ ભાગ લીધો. |
| ૧૭/૭/૨૦૨૦ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આયોજિત ઓનલાઇન વર્ચ્યુઅલ કલાસ તાલીમ ટ્રેનિંગમાં શાળાના આચાર્યશ્રી દુષ્યંત દેસાઇ એ ભાગ લીધો. |
| ૭/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટયુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાતી વિષયની બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં ગુજરાતી વિષય શીખવતા શિક્ષીકા નીલા શાહ અને રીટા પરમાર એ ભાગ લીધો. ભાષા શિક્ષકે અધ્યયન- અધ્યાપન સમયે કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જેની સરસ માહિતી આપવામાં આવી હતી. |
| ૧૦/૮/૨૦૨૦ | **NCERT** દ્વારા આયોજિત ઓનલાઇન બેઝિક ગણિત વેબિનાર બ્લેકબોર્ડ ટુ બ્રોડ બેન્ડમાં શાળાના ગણિત વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલ એ ભાગ લીધો. |
| ૧૪/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટયુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત ગણિત વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં ગણિત વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલ એ ભાગ લીધો. ગણિત શિક્ષકે અધ્યયન- અધ્યાપન સમયે કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જેની ખૂબ સરસ માહિતી આપવામાં આવી હતી. |
| ૧૮/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટયુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત સામાજિક વિજ્ઞાન વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમ દ્વારા એ –પોર્ટલ મેપ વર્ક-ગુગલ અર્થ દ્વારા મેપ વર્ક રસપ્રદ બનાવવા બાબતે વેબિનાર યોજાયેલ જેમાં શાળાના સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષિકા ભારતી પરમાર, મિનાક્ષી પવાર અને રીટા પરમાર અને અનિતા કુદળેએ ભાગ લીધો. |
| ૨૦/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટયુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાતી વિષયની બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં ગુજરાતી , હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત વિષય (ભાષા) શીખવતા શિક્ષકો નીલા શાહ , રીટા પરમાર, જયશ્રી રાવલ, કલ્પના ગાંધી, સંદિપ પાઠક, કિશોર પાટીલ, ભારતી પરમાર એ વેબિનારમાં ભાગ લીધો. |

| | |
|---|---|
| ૨૧/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત વિજ્ઞાન વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં વિજ્ઞાન વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલ એ વેબિનારમાં ભાગ લીધો. વિજ્ઞાન શિક્ષકે અધ્યયન-અધ્યાપન સમયે કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જેની ખૂબ સરસ માહિતી આપવામાં આવી હતી. |
| ૨૪/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ જી.સી.ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત ગણિત વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં ગણિત વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલ એ વેબિનારમાં ભાગ લીધો. ગણિત શિક્ષકે અધ્યયની જુદી જુદી પધ્ધતિઓની ખૂબ સરસ માહિતી આપવામાં આવી હતી. |
| ૨૬/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત સામાજિક વિજ્ઞાન વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં સામાજિક વિજ્ઞાન નો વેબિનાર યોજાયેલ જેમાં શાળાના સામાજિક વિષયના શિક્ષિકા ભારતી પરમાર, મિનાક્ષી પવાર અને રીટા પરમાર એ ભાગ લીધો. |
| ૨૭/૮/૨૦૨૦ | વેબિનાર-લેગો એજ્યુકેશન અને એ ટી એલ કન્ફોર્મેશન What is virtual roboticcs by coderz માં એ ટી એલ ના ઇન્ચાર્જ શિક્ષિકા ધારિકા પટેલ અને નરેન્દ્ર પરમાર હાજર રહ્યા. |
| ૨૮/૮/૨૦૨૦ | બી. એલ. સી. ઇ. ટી. દ્વારા આયોજિત બરોડા હાઇસ્કૂલ મેનેજીંગ કમિટી પ્રી - પ્રાયમરી અને પ્રાયમરી વિભાગની મિટીંગમાં શાળાના આચાર્યશ્રી દુષ્યંત દેસાઇ અને સુપરવાઇઝર હાજર રહ્યા. |
| ૨૮/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત વિજ્ઞાન વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં વિજ્ઞાન વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલ એ ભાગ લીધો. વિજ્ઞાન શિક્ષકે અધ્યયન- અધ્યાપન, અભ્યાસક્રમ, વિષય વસ્તુની યથાર્થતાની માહિતી આપવામાં આવી હતી. |
| ૩૧/૮/૨૦૨૦ | બી. એલ. સી. ઇ. ટી. દ્વારા આયોજિત ઓનલાઇન ટેસ્ટ ડેટા એન્ટ્રી મુખ્ય વક્તા:-ભાવિન શાહના વર્કશોપમાં ધોરણ ૩ થી ૮માં ભણાવતા તમામ વિષયના શિક્ષકો હાજર રહયા હતા.  |
| ૩૧/૮/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાતી વિષયની બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત વિષય શીખવતા શિક્ષકો નીલા શાહ, રીટા પરમાર, જયશ્રી રાવલ, કલ્પના ગાંધી, સંદિપ પાઠક, કિશોર પાટીલ, ભારતી પરમાર એ વેબિનારમાં ભાગ લીધો. |
| ૭/૯/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ જી.સી .ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત સામાજિક વિજ્ઞાન વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં સામાજિક વિજ્ઞાન નો વેબિનાર યોજાયેલ જેમાં શાળાના સામાજિક વિષયના શિક્ષિકા ભારતી પરમાર, મિનાક્ષી પવાર અને રીટા પરમાર અને પ્રિયંકા શર્મા એ ભાગ લીધો. |
| ૧૦/૯/૨૦૨૦ | એ.જી ટીચર કોલેજ નવરંગપુરા અમદાવાદ અને એ.જી હાઇસ્કૂલ અને જી .ડી પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા આયોજિત ઓનલાઇન વેબીનાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શાળાના સુપરવાઇઝર કિશોર પાટીલ અને મિનાક્ષી પવાર જોડાયા. |
| ૧૦/૯/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ જી.સી.ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત ગણિત વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં ગણિત વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલ એ ભાગ લીધો. |

| | |
|---|---|
| ૧૫/૯/૨૦૨૦ | સ્ટેટ ટીર્ચસ ટ્રેનિંગ ઇન્સ્ટીટયુટ જી.સી.ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત વિજ્ઞાન વિષયના બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં વિજ્ઞાન વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલ એ ભાગ લીધો. |
| ૧૭/૯/૨૦૨૦ | નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ વકતા ડૉ. ભરત જોષી સિનીયર પ્રોફેસર ડીન હેડ ઓફ ડીપાર્ટમેન્ટ શિક્ષણ ગુજરાત વિદ્યાપીઠ ભાવનગર દ્વારા આયોજિત ઓનલાઇન વેબિનારમાં શાળાના સુપરવાઇઝર કિશોર પાટીલ અને મિનાક્ષી પવારે ભાગ લીધો. |
| ૨૨/૯/૨૦૨૦ | આઇ.બી.એમ દ્વારા આયોજિત અટલ ટિંકરીંગ લેબ અનબોકસ ટીકરીંગ ઓનલાઇન એક દિવસીય વર્કશોપમાં એ ટી એલ ઇન્ચાર્જ ટીચર ધારિકા પટેલ હાજર રહ્યા. |
| | આઇબી એમ દ્વારા આયોજિત અટલ ટીકરીંગ લેબ અનબોકસ ટીકરીંગ ઓનલાઇન છ દિવસીય વર્કશોપમાં એ ટી એલ ઇન્ચાર્જ ટીચર ધારિકા પટેલ હાજર રહ્યા. |
| ૨૭/૯/૨૦૨૦ | સેન્ટર ફોર ઇન્ડિયન પ્રોગરેસ ત્રીજો વેબિનાર વકતા પ્રો.અમિત ધોળકિયા ટેકનોલોજી અને ટ્રાન્સફર મેશન એજયુકેશન ઇન્ડિયા |
| ૨૯,૩૦/૯/૨૦ ૨૦ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત ઓનલાઇન ફિટનેસ ટ્રેનિંગ વર્કશોપમાં શાળાના પી.ઇ. શિક્ષક વિનોદ પટેલ અને રાજેન્દ્ર વાંળદએ ભાગ લીધો. |
| ૩૦/૯/૨૦૨૦ | જી.સી.ઇ.આર.ટી ગાંધીનગર દ્વારા આયોજિત બીજા તબકકાની ગણિત વિષયની બાયોસેગના માધ્યમ દ્વારા ઓનલાઇન તાલીમમાં શાળામાં ગણિત વિષય શીખવતા શિક્ષક દુર્ગેશ પ્રજાપતિ, નરેન્દ્ર પરમાર, નીતુ મહેતા, મયુરી ભાટીયા અને ધારિકા પટેલએ ભાગ લીધો. |
| **વાલી- શિક્ષક મંડળ પ્રવૃત્તિ :** | |
| ૨૫/૭/૨૦૨૦ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની પ્રથમ વર્ચ્યુઅલ વાલી સભા ગૂગલ મીટ એપ દ્વારા આયોજિત કરેલ જેમાં શાળાના આચાર્યશ્રીએ કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શાળા તરફથી આપવામાં આવતુ ઓનલાઇન શિક્ષણ, અભ્યાસક્રમ, બોર્ડ પરીક્ષા, શાળામાંથી આપવામાં આવતુ હોમવર્ક,બાળકની હાજરી વગેરે મુદ્દા પર ચર્ચા થયેલ. ૯૧ વાલી આ સભામાં જોડાયા હતા. |
| ૭/૮/૨૦૨૦ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ધોરણ-૧૧ Com/Sciના વિદ્યાર્થીઓની પ્રથમ વર્ચ્યુઅલ વાલી સભા સવારે ૮:૦૦ થી ૮:૪૫ એ અને ૧૨Com/Sci સવારે ૮:૫૦ થી ૯:૩૦ આ ચાર વર્ગની મીટિંગ ગૂગલ મીટ એપ દ્વારા આયોજિત કરેલ જેમાં શાળાના આચાર્યશ્રી એ કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શાળા તરફથી આપવામાં આવતુ ઓનલાઇન શિક્ષણ,અભ્યાસક્રમ,ઓનલાઇન, ગૂગલ ફોર્મ,હોમવર્ક,વિદ્યાર્થીઓની હાજરી જેવા મુદ્દાની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૧૫૫ વાલી સભ્યો મીટિંગમાં જોડાયા હતા. |
| ૮/૮/૨૦૨૦ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ધોરણ- ૮ અને ૯ ના વિદ્યાર્થીઓની પ્રથમ વર્ચ્યુઅલ વાલીસભા ગૂગલ મીટ એપ દ્વારા આયોજિત કરેલ જેમાં શાળાના આચાર્યશ્રી એ કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શાળા તરફથી આપવામાં આવતુ ઓનલાઇન શિક્ષણ,અભ્યાસક્રમ,શાળામાંથી આપવામાં આવતુ હોમવર્ક, ઓનલાઇન પરીક્ષા, ગૂગલ ફોર્મ, ટયુશન કલાસ બંધ કરવા, બાળકની હાજરી વગેરે મુદ્દા પર ચર્ચા થયેલ. ૯૧ વાલી આ સભામાં જોડાયા હતા. |
| ૧૭/૮/૨૦૨૦ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ધોરણ-૪ થી ૭ના વિદ્યાર્થીઓની પ્રથમ વર્ચ્યુઅલ વાલી સભા ગૂગલ મીટ એપ દ્વારા આયોજિત કરેલ જેમાં શાળાના આચાર્યશ્રી એ કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શાળા તરફથી આપવામાં આવતુ ઓનલાઇન શિક્ષણ,અભ્યાસક્રમ,શાળામાંથી આપવામાં આવતુ હોમવર્ક,ઓનલાઇન પરીક્ષા, ગૂગલ ફોર્મ, બાળકની હાજરી વગેરે મુદ્દા પર ચર્ચા થયેલ.૧૦૨ વાલી આ સભામાં જોડાયા હતા. |
| ૧૮/૮/૨૦૨૦ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ કે.જી. ,ધો-૧,૨,૩ ના વિદ્યાર્થીઓની પ્રથમ વર્ચ્યુઅલ વાલી સભા ગૂગલ મીટ એપ દ્વારા આયોજિત કરેલ જેમાં શાળાના આચાર્યશ્રી એ કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શાળા તરફથી આપવામાં આવતુ ઓનલાઇન શિક્ષણ,અભ્યાસક્રમ, ટયુશન કલાસ બંધ કરવા, ઓનલાઇન પરીક્ષા, ગૂગલ ફોર્મ, શાળામાંથી આપવામાં આવતુ હોમવર્ક,બાળકની હાજરી વગેરે મુદ્દા પર ચર્ચા થયેલ. આ સભામાં જોડાયા હતા.૧૩૦ વાલી જોડાયા હતા. |

દુષ્યંત દેસાઇ

આચાર્ય

ગુજરાતી માધ્યમ

બરોડા હાઇસ્કૂલ, દંતેશ્વર